

દશામા વ્રત - શહેરમાં આજથી દશામાનું વ્રત આરંભાશે... શનિવારે સાંજે એટલે કે દશામાના વ્રતના પ્રારંભની પૂર્વસંધ્યાએ દશામાની મૂર્તિઓ અને પૂજાપો લેવા સેક્ટર-૭ના શોપીંગ સેન્ટર પાસે ભારે ભીડ સર્જાઈ હતી... શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં ભાવિક મહિલાઓ જીવનની દશા અને દિશા બદલવા દશામાનું વ્રત કરે છે... દસ-દસ દિવસની તપશ્ચર્યામાં ઉમંગ અને ઉલ્લાસ આજની આ ભીડથી અનુભવાય છે...

# મનપાના આરોગ્યતંત્રની ૫૪ જગ્યા માટે ૨૮ હજાર ઉમેદવારો

### આજે સ્પર્ધાત્મક પરીક્ષા : આરોગ્યતંત્રના ચાર સંવર્ગમાં ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે ચાર જુદા જુદા સંવર્ગોની ભરતી માટે ૨૧ કેન્દ્રોમાં સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ ભરતી માટે કુલ ૨૮ હજારથી વધુ અરજીઓ મળી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ મલ્ટીપરપઝ હેલ્થવર્કર, ફિમેલ હેલ્થવર્કર, ફાર્માસીસ્ટ તેમજ લેબોરેટરી ટેકનીશ્યનની મળી કુલ ૫૪ જેટલી જગ્યાઓ માટે આ ભરતી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે આ ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્થાયી સમિતિમાંથી આ અંગે મંજૂરી મેળવી લેવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેર જિલ્લામાં ૮ કેન્દ્રો અને અમદાવાદના ૧૩ કેન્દ્રો પર આ ભરતી માટે પરીક્ષા યોજવામાં આવનાર છે. આ પરીક્ષા માટે મનપા દ્વારા ૨૧ કેન્દ્રો પર ખાસ નિરીક્ષક તરીકેની જવાબદારી આપતા હુકમો પણ મનપાના તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની ૨૧ જગ્યા માટે ૧૩ હજાર, ફિમેલ હેલ્થવર્કરની ૨૪ જગ્યા માટે ૬ હજાર અને ફાર્માસીસ્ટની ૪ જગ્યા માટે ૨ હજાર તેમજ લેબ. ટેકનીશ્યનની ૫ જગ્યા માટે ૫ હજાર જેટલી અરજીઓ મળી છે.

આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જે કેન્દ્ર પર યોજવામાં આવશે ત્યાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે. આ પરીક્ષા કેન્દ્રોને સેનીટાઈઝડ કરવામાં આવશે.

પરીક્ષામાં પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલાં પરીક્ષાર્થીએ પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશ મેળવી લેવાનો રહેશે. આ પરીક્ષાર્થીઓ તેમની સાથે કોઈપણ પ્રકારનું વીજ ઉપકરણ કે મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહિ.

# સે-૬ અપના બજાર પાસેના સાંકડા સર્વિસ રોડ વચાળે જ વાહનોનો ખડકલો

### પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો : લુખ્ખા તત્વો પણ અડીંગો જમાવીને બેસતા મુલાકાતીઓ પરેશાન : ટ્રાફિક જામની સમસ્યાથી વેપારીઓ પણ પરેશાન

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં કોર્મશિયલ વિસ્તારમાં આડેધડ વાહનો પાર્ક થતા મુલાકાતીઓએ ડગલે ને પગલે મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. શહેરમાં સે-૬ અપના બજાર પાસે સાંકડા સર્વિસ રોડ વચાળે જ વાહનો ખડકી દેવાય છે. પાર્કીંગ પ્લેસ પર દબાણોની સાથે લુખ્ખા તત્વોનો અડ્ડો ઉભો થતો હોવાનો આક્રોશ ઠાલવતા સ્થાનિકોએ યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાય તે માટે પણ પ્રબળ માંગણી કરી છે. સે-૬ સહીત સે-૧૧ અને સે-૧૬ માં પણ આવી જ સ્થિતિ છે. પાર્કીંગના પ્લેસ પર દબાણોનો કબજો હોવાથી વાહનચાલકોને દીશા સુઝતી નથી.

ગાંધીનગરમાં નજર નાંખો ત્યાં પાર્કીંગની સમસ્યા નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. આડેધડ ખડકાતા વાહનો ડગલે ને પગલે નાગરિકો માટે અડચણરૂપ બની રહ્યા છે. નગરના કોર્મશિયલ વિસ્તારમાં સાંકડા સર્વિસ રોડ પર ગમે તેમ વાહનો ખડકી દેવાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. માર્ગ પર જતા વાહનચાલકો પણ આજા ફસાજાની સ્થિતિમાં મુકાઈ જાય છે. શહેરના સે-૬ અપના બજાર પાસે આવી જ સ્થિતિ જોવા મળે છે. એકબાજુ સર્વિસ રોડ પર વચાળે જ વાહનો મુકી દેવાતા રસ્તા પરથી પસાર થવાનુ પણ મુશ્કેલ બને છે. બીજીતરફ આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી લુખ્ખા તત્વો અડ્ડો જમાવી બેસે છે. આસપાસના વિસ્તારમાં સ્થિત લારી ગલ્લાના દબાણોના લીધે પણ આ વિસ્તારમાં ટોળટપ્પા મારતા યુવાનોના લીધે વાહનો ખડકલો થાય છે. સે-૬ માં નવા કોર્મશિયલ બિલ્ડીંગો અસ્તિત્વમાં આવ્યા બાદ આમ પણ આ વિસ્તારમાં મુલાકાતીઓની અવરજવર વધી છે. આ સ્થિતિ વચ્ચે પાર્કીંગ માટે પુરતી જગ્યા નથી જયારે જગ્યા હોય તો પણ તેનો ઉપયોગ કર્યા વિના ગમે ત્યાં વાહન ખડકી દેવાય છે.

વાહન પાર્કીંગ યોગ્ય રીતે થાય તે માટે સિક્યુરીટી સહીતની કોઈ વ્યવસ્થા પણ સ્થળ પર ગોઠવાતી નથી જયારે નિયત જગ્યાએ વાહનો પાર્ક કરતા મુલાકાતીઓને પણ પરેશાની વેઠવી પડે છે. સે-૬ ની જેમ સે-૧૧ અને સે-૧૬ માં પણ કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગ સુવિધાના નામે મીંડુ છે. સાંકડા માર્ગ પર જ વાહનોનો ઢગ થાય છે આ વિસ્તારમાં પણ પાર્કીંગ પ્લેસ પર દબાણો અડ્ડો જમાવીને બેઠા છે જેના લીધે મુલાકાતીઓને તેમના વાહનો પાર્ક કરવાની જગ્યા મળતી નથી. શહેરમાં કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગની સમસ્યા જટીલ બનતી જાય છે ત્યારે તંત્રએ આ મામલે યોગ્ય આયોજન કરવાની અનિવાર્યતા છે. પાર્કીંગ પ્લેસ લુખ્ખા તત્વોનો અડ્ડો ન બને તેમજ બિનજરૂરી દબાણો પણ દુર થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

# જિલ્લામાં શનિવારે વધુ ૧૩,૪૪૭નું વેક્સિનેશન



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૧૩,૪૪૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનને વધુ સઘન બનાવવામાં આવી રહ્યું છે. દરમ્યાન આજે રવિવારે પણ વેક્સિનેશન અભિયાન ચાલુ રહેશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૮૧૯ લોકને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે શહેરમાં ૩૬૨૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

રવિવારે સેકન્ડ ડોઝ અભિયાન તેમજ બાકી રહેલા દુકાનદારો, હોકર્ષ માટેનું વેક્સિનેશન અભિયાન ચાલુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં વેક્સિનેશન અભિયાન વધુ સઘન બનાવવા માટેનું આયોજન કરી દેવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫,૪૪,૨૩૬ લોકને પ્રથમ ડોઝ અને ૧,૪૨,૬૭૪ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

# સેક્ટર-૨૬માં ૧૦ કરોડના ખર્ચે ફાર્મસી કોલેજનું નવું બિલ્ડીંગ બનશે

### હાલ કામચલાઉ ધોરણે પોલિટેકનિક કોલેજમાં વર્ગો ચાલી રહ્યા છે : કોલેજ માટે કલાસરૂમ તેમજ ફર્નિચરનું કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૭

સે-૨૬ ફાર્મસી કોલેજ માટે નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે. શહેરમાં હાલ ફાર્મસી કોલેજ માટે કોઈ બિલ્ડીંગ નથી જેના લીધે સેકટરની પાલિટેકનિક કોલેજના સંકુલના એક બિલ્ડીંગમાં આ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. જેને અનુલક્ષી પોલિટેકનિક કોલેજના નિર્માણની યોજના તૈયાર કરી દેવામાં આવી છે. આ કોલેજ બિલ્ડીંગના બાંધકામ માટે ૧૦ કરોડનો ખર્ચ કરાશે જયારે ત્રણ મજલાના બિલ્ડીંગને અનુલક્ષી ક્લાસરૂમ તેમજ ફર્નિચરનુ કામ હાથ ધરાશે.

શહેરમાં માર્ગ નિર્માણની સાથે સરકારી કચેરીઓના નવા બિલ્ડીંગોનુ પણ તબક્કાવાર નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. દાયકાઓ જુના સરકારી આવાસોની જેમ જુની સરકારી કચેરીઓને પણ કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે. બીજીતરફ શિક્ષણ સંકુલોમાં પણ તબક્કાવાર બિલ્ડીંગોનુ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. સે-૧૫ માં સાડા ચાર દાયકા જુના આઈ ટી આઈ બિલ્ડીંગને પણ તોડીને નવુ પાંચ મજલાનુ નવુ મકાન બાંધવામાં આવશે.

**આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.**

આઈ ટી આઈના વર્કશોપને અદ્યતન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે જયારે આગામી દિવસોમાં સે-૧૫ ના કોલેજ સંકુલમાં પણ રીનોવેશનની કામગીરી હાથ ધરાશે. હાલ સે-૨૬ માં ફાર્મસી કોલેજ માટે પણ બાંધકામ હાથ ધરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. હાલની સ્થિતિએ ફાર્મસી કોલેજનુ કોઈ બિલ્ડીંગ નથી જેના લીધે સેકટરમાં કાર્યરત પોલિટેકનિક કોલેજના એક ભાગમાં જ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જયારે હવે આ સંકુલમાં ફાર્મસી કોલેજ માટે અલાયદુ બિલ્ડીંગ બનશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. ત્રણ મજલાના આ બિલ્ડીંગમાં વિવિધ કલાસરૂમ તેમજ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. કોલેજ બિલ્ડીંગના નિર્માણ પાછળ એક વર્ષનો સમય લાગશે.

# ભાજપ પ્રદેશના જુદા જુદા વિભાગોમાં શહેર-જિલ્લાના પાંચ આગેવાનો સમાવાયા


ગાંધીનગર, તા. ૭

રાજ્ય ભાજપ એકમ દ્વારા પ્રદેશના જુદા જુદા વિભાગોના સંયોજક અને સહ સંયોજકોની આજે નિયુક્તી કરવામાં આવી છે જેમાં ગાંધીનગર શહેર અને જિલ્લાના પાંચ આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રદેશકક્ષાના આ વિભાગોમાં રાષ્ટ્રીય મહાસંપર્ક અભિયાનમાં અતુલભાઈ પટેલ, ચૂંટણી કમિશન સંપર્ક અભિયાનમાં કલોલના સૂર્યકાન્તભાઈ ત્રિવેદી, બેટી બચાવો-બેટી બઢાઓ અભિયાનમાં માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, કાર્યાલય આધુનિકરણ વિભાગમાં ગાંધીનગર શહેરના એચ.એમ. પટેલ તથા જિલ્લા કાર્યાલય નિર્માણ વિભાગમાં ગુડાના પૂર્વ ચેરમેન અને ગાંધીનગર મનપા સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન આશિષ દવેનો સમાવેશ કરવામાં આવ્ય છે.

જિલ્લાના બે અગ્રણીઓ હિતેન્દ્ર પટેલ અને કાર્તિક પટેલનો મિડિયા સેલની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રદેશકક્ષાએ શહેર-જિલ્લાના આગેવાનોનો સમાવેશ થતાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છવાઈ જવા પામ્યો છે.





નવી ઓળખ - શહેરના પ્રવેશદ્વાર પાસે વધુ સુવિધાપૂર્ણ એકસાથે બે ફલાયઓવરનું લોકાર્પણ થતાં સુવિધામાં ઉમેરો થયો છે... હવે, ગાંધીનગર- અમદાવાદ વચ્ચે જવા-આવવાના ટાઈમમાં ૩૦ ટકાનો ઘટાડો થશે એમ મનાય છે... ખાસ કરીને સરગાસણ અને ઘ-૦ પાસે સર્જાતા ટ્રાફીકજામના દશ્યો ભૂતકાળ બની જશે... નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે શ્રીફળ વધેરી વિધિવત ફલાયઓવરનું લોકાર્પણ કર્યું હતું...






# ગાંધીનગર ડેપોની વિદ્યાર્થી પાસ યોજના અન્વયે માત્ર ૧૭૪ પાસ ઈસ્યુ કરાયા

### જુલાઇમાં પાસ ઇસ્યુ કર્યા તેની આવક કરતાં વળતરની રકમ વધુ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં કોરોનાની બીજી લહેર બાદ એસ ટી નો બસ વ્યવહાર માંડ પાટે ચઢયો છે. શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસ સેવા પણ કાર્યરત થઈ છે. પરંતુ હજુ વિદ્યાર્થી પાસ યોજનાને પ્રતિસાદ મળતો નથી. જુલાઈ મહીના દરમિયાન ગાંધીનગર ડેપોએ માત્ર ૧૭૪ વિદ્યાર્થીઓને પાસ ઈસ્યુ કર્યા છે. જેની પાસની આવક કરતા વળતરનો આંકડો મોટો થાય છે.

કોરોના કાળમાં એસ ટી બસમાં હવે મુસાફરોનો ટ્રાફિક જોવા મળે છે. છેલ્લા દોઢ વર્ષથી કોરોનાના સંક્રમણના લીધે એસ ટી બસ સેવા જાણે ઠપ્પ થઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. લોકડાઉન અને નિયંત્રણોના અંતે શરૂ થયેલી એસ ટી બસ સેવામાં સંક્રમણના ડરના લીધે મુસાફરો સલામત સવારીમાં જવાનુ ટાળતા હતા . પરંતુ છેલ્લા કેટલાક સમયથી એસ ટી બસમાં ટ્રાફિક જોવા મળી રહ્યો છે. પરંતુ હજુ શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ પુરતી સંખ્યામાં જતા નથી શાળાઓમાં માંડ ૩૦ ટકા વિદ્યાર્થીઓ જ હાજર રહે છે. ત્યારે મોટાભાગના

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પરિવારના વડીલશ્રી રવીન્દ્રભાઈ જયંતિલાલ શાહ તા. ૫/૮/૨૦૨૧ના રોજ અરિહંતશરણ પામેલ છે. સદ્દગતનું બેસણું તા. ૯/૮/૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે રાખેલ છે.

: સ્થળ :
આર. કે. રોયલ હોલ
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ

જયંતિલાલ મણીલાલ શાહ પરિવાર (સાંતેજવાળા)

કૌશિક(દીપક)ભાઈ જયંતિલાલ શાહ
સ્વ. જયંશભાઈ જયંતિલાલ શાહ
નૈલેષભાઈ જયંતિલાલ શાહ
(EX. જીલ્લા અધ્યક્ષ, ભાજપ, ગાંધીનગર
ભાવનાબેન પંકજકુમાર શાહ (બેન)
દક્ષા(ઈલા)બેન મુકેશકુમાર શાહ (બેન)
જયશ્રીબેન મુકેશકુમાર શાહ (બેન)

રેખાબેન રવીન્દ્રભાઈ શાહ
નમન રવીન્દ્રભાઈ શાહ-પ્રિયંકા નમન શાહ
(મો. ૯૬૦૧૦૫૦૦૦૫, ૯૩૨૭૦૨૮૮૮૩)
ડો. દિપલ રવીન્દ્રભાઈ શાહ
માનસી રવીન્દ્રભાઈ શાહ
અલક કૌશિકભાઈ શાહ
ડો. નિકેત જયેશભાઈ શાહ-ઓર્થોપેડિક સર્જન
શ્રીયક(સની) નૈલેષભાઈ શાહ


## ફ્લેટ વેચવાનો છે

O/5, કીર્તીધામ સોસાયટી
ઉવારસદ રોડ,
વાવોલ, ગાંધીનગર
Mo. 7698111198
Mo. 9925452396


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com